શ્રી પાર્શ્વજીન મંડળીમાં ગવાતાં

ગાયનોનો સંગ્રહ.

ભાગ પહેલો.

પ્રગટકર્તા.

શા. મણીલાલ ગોવીંદજી

તથા

દોશી. ભાયચંદ ચુનીલાલ મુ. સાણંદ
જીલ્લે અમદાવાદ

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦

મનહર પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ

વિક્રમાર્ક ૧૯૬૫ વીર સંવત ૨૪૩૪

સને ૧૯૦૮

કિંમત ૦-૩-૦

શ્રી પાર્શ્વજીન મંડળીમાં ગવાતાં

ગાયનોનો સંગ્રહ.

ભાગ પહેલો.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. મણીલાલ ગોવીંદજી

તથા

દોશી ભાયચંદ ચુનીલાલ

સાણંદ.

વીર સંવત ૨૪૩૫ સને ૧૯૦૮

આવૃત્તિ પહેલી

કીમત ૦—૩—૦

આ ગાયનોના સંગ્રહની બુક અમદાવાદમાં
પાનકોરનાકે ચુડી ઓળમાં આવેલા
મનહર પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી.

શ્રી પાર્શ્વ જીનમંડલીમાં
ગવાતાં ગાયનોનો સંગ્રહ

ભાગ ૧લો

મંગલાચરણ.

પ્રભુને નિશદીન નમન કરૂં
સ્વામીની આજ્ઞાને શીરે ધરૂં
પતીત પાવન ધર દયા ધર
ભવ તર્યા શીવ વર્યા જીન વરા અઘ હરા
ગ્રહણુ કર વીર અરજ ઉચરૂં પ્રભુ.
વિવીધ વેશે નીત્ય નાટક ભજવીએ
નીરખી હરખી આપ છાપને વરીએ
કર કૃપા ત્રીભુવન તણુા ત્રાતા
દેવના દેવ દયાળ છો ભ્રાતા
આજ પાર્શ્વ મંડલી વીનવે વંદે મળી

સાણંદ મંડલી અરજી ઉચરે
આજ્ઞા આપની શીર ધરૂં પ્રભુ

ગાયન ૨

જીવતમ જીનને ધરો પ્યાર, દેખો આ સંસાર અસાર જીવતમ
જરીએ જો જપીએ જીનવર તરીએ તડાકે સાગર
મુકીએ જો મદમાન લોભ ક્રોધ માયા તરીએ તરરરરરરરરરે...જીવતમ
માનવ મદ માંહી મુર્ખા મરાયા જાય
સમજ સમજ મનડાની માંહી સમજ સરરરરરરરરરે........જીવતમ
સાણંદ પાર્શ્વ પ્રભુ મંડલી ગાવે ગુણ
ભાવ ધરીને લાવો પ્યાર દેખો આ સંસાર જીવતમ

ગાયન ૩

અવીચલ મુક્તિ દેરે પ્રભુજી પ્યારે અવીચલ
આજ અમે આવ્યાછી શરણે તમારે અવી
મોહ મદ માયા લોભ ક્રોધમાં અનંત ભમીયોજી હી મોહ
હવે પ્રભુ તુજ ચરણ કમલમાં રેવા ઈચ્છું જી આજ અવી

ગાયન ૪

જરી સામુ જુવો જીનવરજી, પ્રભુ જરી. ઈઈઈઈ.
કુમતી પ્રભુ દુર કરજી. જરી.
સાખી—બાલ અજ્ઞાની હું હતો, જાણ્યો ન ધર્મનો બોધ;
પણ આ પાર્શ્વ મંડલી વડે, પામ્યો છું હું બોધ
જેથી ગુણ તમારા હું ગાતું, પ્રભુ જેથી. ઉઉઉઉ.
પુજા વીણુ નહી ખાવું. જરી.
સાખી—આ ભવ પરભવ વળીરે ભવોભવ. કીધાં હોય જે પાપ;
માફી આપો હે પ્રભુ, ઉતારો ભવપાર.

છું હું દાસ સદાનો તમારો, પ્રભુ છું હું. ઓઓઓઓ.
ભવજળથી પાર ઉતારો. જરી.

ગાયન ૫

આ પ્રભુ ભજનનું ટાણું, ઘડી ગાજે ગુણનું ગાણું
મોહ મદિરા પીતાં પામર, સુખ તારૂ લુટાણું
કયાંથી આવ્યો ને કયાં જાઇશ, ભુલણ શું ભુલાણું. આ ઘડી.
ફંદે ફસીયો ફોગટ ફુલી, મનડું શું મુઝાણુ. આ ઘડી.
ચીતમાં ચેતી લેને ચેતન, પરતું રહેસે ભાણુ. આ ઘડી.
બુદ્ધી સાગર અવસર પાકર, મુક્તિનું કર આણું. આ. ઘડી.

ગાયન ૬

ભય ભંજન દુખ ગંજન આનંદ આપી દુખ હરો......રે
પાતીક દુર કરો...રે, પાર ઉતારોને......ભય.
ચોરાસી લખ યોની માંહે, વાર અનંત હું ભટકુ સ્વામી
પુન્યે માનવ ભવ પામીને, શરણુ ગહ્યું ભગવંતનું સ્વામી
પાર ઉતારો પ્રભુજી આ વારે શેવકને......રે. ભય.
ચાર અતીશય જન્મ થકી છે, ઓગણીસ દેવના કીધરે સ્વામી
કેવલ પ્રગટે એકાદસ સહુ, ચોત્રીસ એમ પ્રસીદ્ધરે સ્વામી
પાંત્રીસ વાણી સુણી લહે ભવપાર નાથજી......રે. ભય.
ચંદ્રને ચાહે ચાતક પક્ષી, બાલ ચાહે જિમ માય રે સ્વામી
નેમ પ્રભુ તુજ દરીસન ચાહું, બુદ્ધી કહે જીનરાયરે સ્વામી.
બાલ ઉગારો નેમી જીનરાય બાલને......રે. ભય.

ગાયન ૭

અરે અંધ તું મુંકિ દેને મંદ કરજોડી વંદ થાએરે આનંદ
ઘડીકમાં જવું જોબનીયું તારૂ લલુતા છોડી કલ્યાણ કર તારૂ

ધર્મ વિનારે સુખ ન મળે માન્ય નીસરે કલ્યાણ કરરે. અરે

સાખી—નયન ફરૂકત જિહાં લગી, તીહાં તારૂં સહુ હોય
નયન ફરૂકત જબ રહી, તીહાં ત્હારૂં નહી કોય.

ઘણો તું ભમ્યો ઘડીક ન જંપ્યો મુરખ તું પ્રાણી અનંત ભમ્યોઅરે

સાખી—તો કુણ આપણું પારકુ, કુણ વૈરી કુણ મીત્ર;
રાગ દ્વેસ ટાલી કરી, કર સમતા એક ચીત.

પાર્શ્વ મંડલ લ્યો ચીત્તમાં ધારી આશીક્ષા સારી લ્યો મનમાં માની અરે -

ગાયન ૮

જીવડા ભુલી તત્વ સ્વરૂપ ફોગટ જન્મ ગુમાવે રે. જીવડા.
જાણી ન જીનની વાણી ખટપટમાં ખુચ્યો પ્રાણી
લક્ષ્મી લાલચમાં લલચાઇ દીલમાં કસુંય ન જોયુંરે. જીવડા
નીરખ્યો ન આતમ ન્યારો પુદ્‌ગલથી શાને પ્યારો
જુઠી જંજાળે જકડાય ડાહ્યો ડમરો થઇનેરે. જીવડા.
પરની પંચાતે ડાહ્યો ગપ્પા મારીને ગાયો
સમજી સાચો આ સંસાર મૃગ કસ્તુરી પેઠે જીવડા.
મનમાં મોટાઇ માની પાએ પડીઓ નહી જ્ઞાની
ફરતો ચાર ગતીનો ફેર, સમજુ સમજી લેનેરે. જીવડા
શીક્ષા સમજી ને સારી, બહિરા તમ વૃતી વારી
બુદ્ધી સાગર સમજો સત્ય ગુરૂથી જ્ઞાન ગ્રહીનેરે. જીવડા

ગાયન ૯

પ્યારા નેમ પ્રભુ શુભ મન મંદિરમાં ધારીએરે
કર્માષ્ટક ક્રોધાદીક શત્રુ દુર નીવારીએરે. પ્યારા.
જન્મ મરણનો ફેરો ટાળી પામ્યા મુક્ત સ્ત્રી લટકાળી.
દીન દયાલું શેવકને સંભારજોરે. પ્યારા

કેમ ન લાગે પ્રભુજી તમને સમયે સમયે લાગે પ્રભુ અમને
દુખના વાદલ મુજથી દુરે ટાલજોરે. પ્યારા
શી ગતી થાસે ઓ પ્રભુ મારી ચારગતિ ભટકયો દુખભારી
તુજ પદ પંકજ શરણુ ગ્રહ્યાને ઉગારજોરે, પ્યારા.
અકલગતિ તું દેવ નીરંજન શરણાંગત વત્સલ ભય ભંજન
બુદ્ધી સાગર ભવજળ પારે ઉતારજો રે. .પ્યારા.

ગાયન ૧૦

પ્રભુ વદન કમલ છબી પ્યારી હો. નમુ નેમ નગીન બ્રહ્મચારી
ભવી મન ચંદ્ર ચકોર જયું પ્યારી મુજ મન મંદિરમાં વસનારી
સ્યામ સુરત પરવારી હો. નમુ.
કનક પત્ર આંગી રચી સારી, બુટી મણી હીરલે જડી ભારી
અદભુત રચના પ્યારી હો. નમુ.
પશુવાની કરૂણા દીલધારી, તોરણથી તજી રાજુલ નારી
પાછા ફર્યા રથ વારી હો. નમુ
કરમ કટક સરવે સંહારી. શીવનારી આપો સુખકારી
પાર્શ્વ મંડલ લયો તારી હો. નમુ
ગદા ઉપાડી રમત ધારી, હળધરજીને હાર ખવારી
હાથો હાથ પસારી હો નમું
ત્રણુ કલ્યાણુક હુવા ગીરનારી. રાજુલને પ્રભુ પેલા તારી
આપ વર્યા શીવનારી હો. નમુ.

ગાયન ૧૧

જોતા જોતા ચાલ્યા ગયારે. જોડીયા તારા
રમણીક રઢીયાળા, રંગે રૂડા રૂપાળા
મરી ગયા બહુ વ્હાલારે. જોડીયા
ખમા ખમા જેની થાતી, જગ આણુ વર્તાતી

ચાલ્યા પર ભવ વાટેરે. જોડીયા.
જુતાં બુટ પહેરી ચાલ્યા. વ્યભિચારી થઇને મ્હાલ્યા.
ઘોરમાંહી ગોદી ઘાલ્યારે. જોડીયા.
પાઘડી માથે એ ઘાલી, ફર્યા દેશોદેશ મ્હાલી
મશાણે તે ગયા ખાલીરે. જોડીયા.
નાત જાતના નડે વેર ઝેરથી લડે, પોક તેની જોને પડેરે જો૦
ચેતી લ્યોને નરનારી, હંત શીખામણ સાચી
બુદ્ધીસાગર સુખકારીરે. જોડીયા.

ગાયન ૧૨

મે જીનવર વંદન આયા, વામા સુત દરોસન પાયા મેં
પ્રભુ નીલ પદ્મ તણું છાયા, જશ કમલ સુ કોમલ કાયા.
પ્રભુ આદેવ નામ ઉપાયા. વામા.
સખેશ્વર મંડણ રાયા, ધરણેંદ્ર સેવન તુમ પાયા.
જાદવના રેગ હઠાયા. વામા
રતીપતી તુજ રૂપે હઠાયા. અંગ છોડી અનંગ કહાયા.
છો રાજ રાજેશ્વર રાયા. વામા.
ચીંતામણી છો સુખદાયા. નમે પાર્શ્વ મંડલ માહા રાયા.
હરખેથી તુમ ગુણ ગાયા. વામા.

ગાયન ૧૩

પ્રભુ પ્યારી મુરતી તારી
શાંત સુધારસ ઝીલી રહી. પ્રભુ.
શાંતતા દેખાડનારી થીરતા પમાડનારી
દુષ્ટ કર્મ વારનારી સેવકને તારનારી
ધારે તારે ઉગારે. પ્રભુ.

નમે જેહ પ્રાણી નીત ધરી મન માંહી પ્રીત
ટળે તેની ભવ ભીત એવી છે અગમ રીત
મનથી તનથી વચનની. પ્રભુ.
પાર્શ્વ મંડલ પ્રભુ મરણુ ચરણુ ધારો
ટાલી ભવ દુખ ભારી મહેરથી દો શીવનારી
પ્રીતે રીતે ખચીતે. પ્રભુ.

ગાયન ૧૪

તારોને ત્રીભુવન ત્રીસલાના જાયા વીર.
કમલ ચાહે જિમ સુર્ય. તિમ તિમ ચાહું ચંદ્ર હું તો મારા સાહીબા. તીમ.
ફોગટ જન્મ ગાળ્યો ધર્મ કર્યો ન લગાર
હું શું કરૂરે હવે, સૂઝે સૂને નહી ધર્મ ધ્યાનની મારા સાહીબા. સૂઝે.
આ અટવીમાં ભુલો ભમું મારા સાહીબા.
અંધો અંધો થઇ અથડાઊં.
પાપ ભરેલી મતી અતી મારા સાહીબા.
કઠણુ કરમ કાપો ચાહું
મલીયો પંચમ કાળે મન્ત મારા સાહીબા.
મારી માફી આપો ગુણુ ગાઊં.
ગાંડો ઘેલો તારો દાસ છેટે નથી છેડશો, વળી નીચગતીથીરે સેવકને તેડશો
આપી સન્મુખ પાર્શ્વ પાર્શ્વ મંડળી ને તારસો. તારો.

ગાયન ૧૫

નેમજી અરજી ઉરમા સ્વીકારો
મુન સાચો છે આશરો તમારોરે. નેમજી
અંતરમાં તાપને બાહિર તાપ છે જ્યાં ત્યાં છે દુખનો તપારો
સ્વપ્નમાં દુખનાં વરસે છે વાદલા મોટા આ દુખથી ઉગારોરે. નેમજી

પાછલ દુખને આગળ દુખડાં દુખી લાગેછે જનમારો
તરછોડો નહી મુને દીન દયાલો હસ્ત ગ્રહીને હવે તારો રે. નેમજી.
ભક્તિને ભાવ નહી અંતરમાં જ્ઞાન નહી મુખથી કરૂણું લવારો.
દ્વીપની પોઠ આ બાલ તુમારો તાર્યા વીણુ નથી આરોરે. નેમજી.
સાહ્ય કરોને પ્રભુ શરણુ તુમારૂ તારોને સાંભલી પોકારો.
બુદ્ધી સાગર વારે આવોને બાપજી, કરજો આ શેવકનો ઉધારોરે. નેમજી.

ગાયન ૧૬

પ્યારા પદમ પ્રભુજી મોક્ષ નગર બતલાવજોરે,
અષ્ટ કર્મ અરી માયાથી પ્રભુ બચાવજોરે. પ્યારા.
ચાર ગતીના ફેરા ટાળી અષ્ટ કર્મથી દુર નીવારી
પ્યારા જ્ઞાન રૂપી દીવાથી તમે બચાવજોરે. પ્યારા.
ક્રોધ તણી અતી સમતા સેવી જ્ઞાન રૂપી દીવાના જેવી,
મોહ માયા ક્રોધથી તમે બચાવજોરે. પ્યારા.
કાલ અનાદી ભવમાં ભમીયો. લક્ષ ચોરાસી માંહી ફરીયો
આ સેવકને ધર્મ રીતી બતલાવજોરે. પ્યારા.
રાગદ્વેષ એ કેડે પડીયા તમે પ્રભુજી આંડી મળીયા.
પ્યારા પ્રેમ કરીને દુખમાંથી બચાવજો રે. પ્યારા.
આ અટવીમાં આવી ફસીયો હા હા કરીને મનમાં હસીયો.
સંસાર જંગલ ઝાડીથી તમે બચાવજોરે. પ્યાયા.
ગામ નામ સાણંદમાં કીધું ગુરૂ બુદ્ધિનું શરણું લીધું
પાર્શ્વ મંડલ ચેતે તો સુખ થાય છેરે. પ્યારા.

ગાયન ૧૭

ગાવો ગાવોરે સરવ મલી પ્રભુજીના ગુણને ગાવોરે.
હે ગાવોરે લઈ લાવોરે. ગાવો

કયા ફરીને મળવો આ મનુષ્ય જન્મ પ્રસંગ ધરીને અંગ ભંગ.
ઉમંગે દુખ નીવારીએરે. ગાવો.
રીખવજી તારણ હારરે જાઓ વારી.
કર્મ ભર્મ પ્રભુ ધ્યાને નાસે આધી વ્યાધી દુર થાસે. કષ્ટ નાસે.
પાર્શ્વ મંડલ રીખવ ગુણ ગાઇએ- હે ગાવોરે લઇ લાવોરે.
દ્રવ્ય ભાવ જે સેવા કરે તે શીવવરસેરે. પુજીએ પ્યારને લાગીરે.
પ્રભુ ગુણ ગાઇરે. ગાવો.

ગાયન ૧૮.

આ માનવ ભવનો લાવો લ્યોનેરે પ્રાણીયો,
લ્યોનેરે પ્રાણીયોરે તમે ભુલા કયાં ભમો, તમે—આ.
કેટલારે પુન્યે આપણ માનવ ભવ પામીયારે,
ભાવ ધરીને ભજો ભગવાનને. ભજો—આ.
મુક્તિ તણા દાતારી મળવા છે દુર્લભ ભારી;
સફલ જન્મરે કરો આપણ પ્રાણીયો. કરો—આ.
ઘણા ભવો ભવમાં ભટકયા, ઘડી નહી રટણ જપ્યાં;
તાર નારરે એહી ત્રીભુવન છે. એહી—આ.
ચોવીસ જીનવરનેરે ભાવેથી ભેટો પ્રાણી;
પાર્શ્વ મંડલ તમે ચીત્તમાં ધારજો. તમે—આ.

ગાયન ૧૯.

જુઠુ જુઠુ બોલીને ધન મેળવ્યુંરે, ધન મેળવ્યુંરે. જુઠુ બોલીનેરે.
કાયા છે તુજ કાચની કોઠી સાથે નહી આવે માયા મોટી;
અવતરતાં છે બાંધી મુઠી સમજનેરે. જુઠુ.
પર ઘેર પર ધન લેવાને તું રાત દીવસ તું ભટકા મારે;
ફોગટ ફાં ફાં મારે શાને સમજનેરે. જુઠુ.

જાવું છે જીવ ખાલી હાથે પુન્ય પાપ બે આપણી સાથે;
બીજું બધું ધુળ ધાણી થાએ સમજનેરે. જુઠું.
સગા સબંધી કુટુંબ કબીલો, અંત સમે છે ફોગટ ફેલો;
વાહલામાં વાહલો બાંધી ઠેલો સમજનેરે. જુઠું.
ધન તારૂં ધુળધાણી થાએ તું નહી સાથે બાંધી જાએ;
હીન થતા તું જુઠો ગવાય સમજનેરે. જુઠું.

ગાયન ૨૦

ભજ પાર્શ્વજી તું એક અવર તજી દુર
કમઠ હઠાવણ નાગકું તારણ જન્મ મરણ દુઃખ વારણ સારણ.
પાર્શ્વ ભજ.

જાદવોની જરા નિવારી નાગને લીધો ઉગારી;
કમઠ જોગી અગ્ની ભોગી તેહને કીધો સમકીતવંત,
આપ આણી શીર ધારી અવર દેવને વીસારી;
નીવારીએ અજ્ઞાન જેહ થકી ક્રુર. ભજ.
દીજીએ દેવાધિ દેવ એક ચીત સારૂ સેવ,
મુરતી દીઠી લાગે મીઠી મુજને અમી અસમાન;
આપ ચરણ શરણ માગે પાર્શ્વ મંડલ પાય લાગે,
વીનંતી એ દાસની ધરો સ્વામી ઉર. ભજ.

ગાયન ૨૧.

સુખી શાણા, લટકા મટકા કરતા કયાં ચાલ્યા,
સુંદીર વાના અંગે ઓપાવી ઠમકે કયાં હાલ્યા;
છનનંનં છનનંનં સપાટે, ધનનંનં કરી ધબાકે;
વાતો કરતા ગપાટે. સુખી.
સામો ઉતરતો જોને મોટો છે નરકનો બોને,

નીરખો નીરખોજી નીરખો નીરખો;
છો સુખી પણ દુઃખી સમજોને મનમાંરે. સુખી.

ગાયન ૨૨.

રંગે રસીયા રામા સાથે રમનારા,
અહીં વસીયા શીવ મારગ સાધનારા. રંગે.
મારગ મુજને બતલાવો ધર્મ પંથનો લેવા આવ્યો,
મુરખ તણી મતીમાં મા'લ્યો. રંગે.
ડરીયો ન કરતા કામો પડીયો પસ્તાવો આવો;
ભુલ્યો ભુલ્યોજી ભુલ્યો ભુલ્યો;
દદાજી શરણેરે આવ્યોરે તમારી. રંગે.

ગાયન ૨૩.

જાણો સુખ સંસાર સ્વપ્નસમ જાણો,
જાણો આણો કે મોહમાં ફસાણો;
પુદ્ગલીક સુખ ઇચ્છા ઘણી રાખી,
પણ વિચાર તું જરી જોને જાગી. જા. મો.
વીચાર પુદ્ગલ દ્રવ્ય બંધ ભાગી,
તોપણ હજી તેની તૃષ્ણા ન થાકી. જા. મો.
ધર્મ સાધ્યા વિના કોણ ભવ પાર પામ્યો,
જગત રખડી તું મનુષ્ય દેહે આવ્યો. જા. મો.
પંચેંદ્રીપણા થકી હેઠો ઉતરીશ,
ત્યારે ધર્મ સામગ્રી મુકે નહી વીસરી. જા. મો.
આ રીદ્ધી સંપદા ઇમની ન રહે તારી,
ચેતન ચેતી પાર્શ્વ મંડલી લ્યોને ઉરે ધારી. જા. મો.

ગાયન ૨૪.

નીત્ય પ્રભુ શાંતી ભજો સુખકારી,
મનઠામ શીવકામ પ્રભુનામ, નામ નામ નામ દીલ ધારીરે. પ્રભુ નીત્ય.
જે પાપ કરમથી ડર્યા પ્રભુ નામે કરી નિર્જરા,
તે ભવજળનિધીથી તર્યા ઉધર્યા વર્યા કેઈ શીવસુંદરી દુઃખ વારી. પ્ર.
જરા નેહ નજર નિહાળી પડતા રાખો કર ઝાલી;
પ્રભુ પાર્શ્વ મંડળી લ્યો તારી જીનવરા પ્રભુ મારા તારક બીરૂદ સંભારી.
પ્રભુ નીત્ય.

ગાયન ૨૫.

આપો શાંતી સદા સુખ, પ્રેમથી રહેમથી આનંદથી,
ટાળ દેવ મમ દુઃખ પ્યારથી સ્નેહથી ઉતારજી;
તુજ મુખ પુનમ ચં......દ, વારીજાઉ વારીજાઉ વારીજાઉ. આપો.

સાખી.

શાવ રમણીનો સંગ લેવા, ભાવે નીવેદનો થાળ ધરૂં. હહહહ.
ફુલ મોગર લાલ ગુલાબ, હી હી......હરસ ધરી આંગી રચું.
પારેવો ઉગાર્યો પ્રભુ દયા દીલ ધારીને;
જ્ઞાનામૃતની લેહેરમાં પ્રભુ નાચું થેઇ થેઇકારીને.
ઝુકાવ્યું મેં સંસારમાં જીંદગી કેરા ઝાઝને,
તુજ અમૃત કરૂણા રસ પ્રેમે પાવો નાથરે;
નહી નીર તીર પામ્યો કીચ ભવ પડીયોજીરે. જ્ઞાના.

સાખી.

નાટક નવ રંગનુ દેખ્યું, માનવ ભવ મણીએ;
નવીન ખેલ રચ્યા ઘણા, કેતા નહી પારરે.

આશ તારી અંતરમાં પ્રભુ, તુજ શરણું અમને છે વીભુ;
બોધી બીજ આપી તાર વીભુ, જીવદયા પ્રતીપાળ તું વિભુ.

સાખી.

પરમ પવિત્ર પ્રભુ દાતા, ત્રાતા હેતું શાંતીનાથ;
પાર્શ્વ મંડલ શીવ લહીએ, શરણે પ્રભુની રહીને. આપો.

ગાયન ૨૬.

જોને જરી જાગી મુરખા, જોને જરી જાગી;
અલ્યા સુતો શું અભાગી જીવડા જોને જરી જાગી. જોને.
સગા ને સબંધી તારા સુખના છે બેલીરે;
ઠેલી મેલી જાસે દુખમાં રડતોજ ત્યાગી અલ્યા. જોને.
કાયા ને માયા ત્હારી કર તું વિખુટીરે;
ટુટી ખુટી સાધનારો નથી કો વિરાગી અલ્યા. જોને.
મ્હારૂં આ મ્હારૂં છે માની ગુમાની શું થાતોરે;
જાતો હરખાતો માતો જશે હામ ભાગી અલ્યા. જોને.

ગાયન ૨૭.

સાખી—કાળ અનંતો પુદગલે, મત્ત થયો મન ચંગ;
આતમ રમણુતા આદરી, તજ બહિરાતમ રંગ.
તજી ભવ ભ્રાંતીને સ્વસ્વરૂપમાં નીમગ્ન થઇએ;
શોધી નિજ આતમ અંતર માંહી સત્સુખ ભોગ પહીએ. તજી.
જીવ લોલુપે બાહ્યની પુદગલ ને હડીએ;
પણ સમજે નવ દશ્ય આ ત્રીભુવન દેહડીએ.
રૂચી બહિરંગથી ઉન્મુખ થઇ નીજ કર્મ દહીએ;
ક્ષયા વરણે અનંતી શક્તિ શું પરીણામ ગહિએ. રૂચી.

ધન્ય અહો પ્રભુ ધન્ય હો, સફલ વિવક્ષિત કામ;
પાર્શ્વ મંડળ પ્રીતથી, રટે સદા તુજ નામ. તજી.

ગાયન ૨૮

ચાલો બાળકોરે આજ પદ્મ પ્રભુ તણા દરબારમાં
આંગી બની છે ગુલઝાર દેખી દેવતા થાએ આનંદમાં
સુરઇંદ્ર પધારે પદ્મ પાસ પુરે મનની પુરણ આશ.
નીરખી મન આંનંદીએ. ચાલો.

સાખી—માણેક મોતી કુંદન તણો, મુગટ બન્યો માહારાજ;
હીરા રત્ન જવાહીરના, કાને છે કુંડલ આજ.
નૃત્ય કળા ચાલો કરીને રમીયે ભક્તિ લઈ શીવ સુખને વરીએ
મલીયો મહા મોટે પુન્યે, જૈન ધર્મ જગમાંય;
પ્રગટી મુરતી પદ્મની, જય જય નીત્યે થાય.
ખટપટીયોરે પંખી જંજાળી શું લઇ જાસે સાથરે.
શરણે જઇને ચરણે નમાવે શીશ સાથરે
આજે આનંદથીરે ઉરમાં નીરખી પ્રભુ તણા દેદાર
જીન વાણી છે ગુણની ખાણી ખુસી થૈએ વાર.
પદ્મ પ્રભુ પાએ લાગતા, કરણી દુષ્ટ દુર થાય;
પાર્શ્વ મંડલ ગુણ ગાઇને, કરજોડી નમે પાય.
નમો સ્નેહેથીરે આજ. પાએ પદ્મ પ્રભુ માહારાજને. ચાલો.

ગાયન ૨૯

શાંતીજીનેશ્વર વદન કમલ છબી આણંદ કારી
નીરખત નયણા નંદ ભવિક સમ થીત કરનારી
મસ્તક મુગટ બીરાજતોરે લોલ હીરામણી જડીત છાજતોરે લોલ
લોચન અમીરસ ઝળકતાંરે લોલ ચંદ કીરણ સમ મલકતાંરે લોલ

કાને કુંડલ હઇડે હારકે મોતીના રાજતારે લોલ.
પ્રભુ ભવ અટવી સાર્થ વાહકે મહાભટ ગાજતારે લોલ
સમો વશરણે દીયે દેસના, સુણે પર્ષદાબાર;
વેર વિરોધ દુરે કરી, ઉતરવા ભવપાર.
જોજન ભુમીમાં વિસ્તરીરે લોલ, વાણી પાંત્રીસ ગુણે ભરીરે લોલ
અરથથી અરીહંતજી કહેરે લોલ, ભવીભવ તરવા શદહેરે લોલ
ત્રણ છત્ર શીર સોહતાં ચામર ઢાળે ઈંદ્ર
સુરનર વીદ્યાધર નમે નમે દેવ દેવેંદ્ર
કનક કમલ ઠવતા પ્રભુ પાય કે ભૂમીપર વીચરતારે લોલ
ચક્રી તીર્થંકર પદ ધારકે ભવીદુખ કચરતાંરે લોલ.
પાર્શ્વ મંડલ પ્રભુ કરમકટક વારી ચરણકમલ પ્રભુ
શરણુ દ્યો શીવનારી.—શાંતી

ગાયન ૩૦

ચાલો ચાલોને સજન મલી જીનધર જઇએ. ચાલો
બાહ્ય મળ દુર કરી કુમતીને કાઢી પરી. દ્રવ્ય ભાવ શુદ્ધ ધરી
આવીને મંદીર દ્વાર ધરીને પ્યાર અહીગમ સાચવીને
મલીને સંગરંગ ધરી અતી ઉમંગ કહીની શીહીચંગ
જઇને સનમુખ રહીએ. ચાલો.
દશત્રીક સાચવીને કનક કલસભરી પ્રભુને ન્હવણ કરી
વિધીસું થઈ ઉજમાલ પ્રભુની પુજા અષ્ટ પ્રકારથી કરી
હીરા માણેક ચંગ રચો આંગી ઉમંગ અતીશે રંગ અમ
દહીએ પરમપદ પઇએ. ચાલો.
મભુ પદ પદ્મને પાર્શ્વ મંડલ નમે હવે ભવ નહી ભમે
થઈ જ્યાં પ્રભુની મહેર લીલા લહેર ભાવો ભાવના સહુ

મલીને શુરવૃંદ ગાવે આનંદ કંદ પાવે છે તેમ ભવી ગઇને શીવ સુખ લહીએ. ચાલો.

ગાયન ૩૧

જય દેવ જય દેવ જય જીનવર રાયા પ્રભુ જય.
અશરણુ કેરો અરજી અંગીપતી અવધારા. જય૦
તરણુ તારણુ તાત વિપત વિભુ વારા. પ્રભુ વિપત.
પ્રણમુ પદ તા પ્રેમે સકલકુલ રાયા. જય૦
અશરણુ શરણુ છો આપ પાપ તાપ કાપો પ્રભુ પાપ;
અનંત ધામ અલોકીક જીનવરજી આપો. જય૦
ઇંદ્રાદીક પણ આપ શેવેછે આશે પ્રભૂ શેવે
પ્રભૂ પદ કમળ પ્રણમતા પાતક હુક જાસે. જય૦
મહા ભાગ્ય આ લાગ નહિ કયાંઈ લાધે પ્રભુ નહી.
સમજી કે મન સમજી શીવમારગ સાધે, જય૦
ઉરમાં ધરી ઉમંગ પુજ્યે પદે થાએ પ્રભુ પુજ્ય
પાર્શ્વજીન મંડલી સેવક, જય જય જીન જાપે. જય૦

ગાયન ૩૨.

પ્રભુ તોરે અંગમે ફુલનકી બહાર હે;
ફુલનકી બહાર હે ફુલન કે ગલે હાર હે. પ્રભુ.
અંગોપર આંગી સુંદીર શણગારરે;
સુંદીર શણગારરે, શેવું સદા કાળરે. પ્રભૂ.
ચંપા ચંબેલી મોગર લાલ ગુલાબ તણા;
લાલ ગુલાબ તણા હૈયામાં હાર ઘણા. પ્રભુ.
સુંદીર સ્યામ તારી મૂર્તિ મોહનગારી;
પાર્શ્વ મંડળને હૈયામાં હોંશ ભારી. પ્રભુ.

ગાયન ૩૩.

પીપળાના ઝાડ ઉપર બેઠા પંખી દોયરે,
તેમાં ગુરૂ ચેલો એક જ્ઞાનથી જોયરે;
અગ્નિમાંથી જળ પ્રગટયું નભ પહોંચ્યા પ્રાણીરે,
ગાયની કુખેથી મોટી સિંહણ વીયાણીરે.
દોનારી ને ખીલો દુવે ભેંસ બેઠી રૂવેરે,
સતી તો વેસ્યાને ખાટે જુગારીથી સુવેરે;
રાજા તો પ્રજાથી બીવે અંધારૂ તો દીવેરે,
અજવાળુ તો અંધ દેખે સૈને સોય સીવેરે.
તેલ તો ધાણીને પીલે ઉલટી એ વાણીરે,
બુદ્ધિસાગર ત્યાં શું જાણે દુનિયા દીવાનીરે.

ગાયન ૩૪

ભજન કરલે ભજન કરલે ભજન કરલે ભાઇરે,
આ દુનીયાદારી દુખની કયારી જુઠી જગની સગાઇરે, ભજન.
કાયા સુકોમળ કેળ જેવી બીગડતાં નહી વારરે,
ભલા ભલા પણ ચાલીયા તો પામરનો શો ભારરે. ભજન.
કાદવ કેરા કીચ માહી કીડા લક્ષ કરોડ રે,
કીડો તેવો માનવી તું જાણી પ્રભુ મન જોડરે. ભજન.
વાડી ગાડી લાડી માંહી ખરચે પૈસા લાખરે,
એવા મરી મસાણે ચાલીયા ને શરીર થઇ ગયાં રાખરે ભજન.
બાજીગરની બાજી જેવી જુઠી જગત જંજાળરે,
ઝાંઝવાના નીર જેવું જુઠું જગતનું વાલરે. ભજન.
કાળ પાછળ લાગીયો જેમ તેતર ઉપર બાજરે,
ઝડપી લેશે જીવડાને કેમ કરી રહેશે લાજરે. ભજન.

જરૂર જાવું એકલું ભાઇ કોઇ ન આવે સાથરે,
બુદ્ધી સાગર કરૂણા નાગર ગુરૂનો ઝાલો હાથરે. ભજન.

ગાયન ૩૫

ત્રીસલાના જાયા રે, માહાવીર સ્હાયે આવજો જી
નહી આવો તો થાસે સેવકના બે હાલ. ત્રીસલાના
દૈત્ય મહા મોહરે વહાલા લાગ્યો પીડવાજી
દીધાં દુખ કેતાં ન આવે પાર. ત્રીસલાના
કામને અજ્ઞાનેરે સત્તા નીજ વાપરી જી
બાળે ક્રોધ ઘડી ઘડી ક્ષણમાંય. ત્રીસલાના
પંથ પાખંડ જાલેરે વીટાયોછુ વેગથી જી
વીકાળ વીસય ઘરણી લાગેરે ચોટ. ત્રીસલાના
પંચમ કાલ પુરોરે જમ જેવો બેસીયો જી
સૂજે નહી ધર્મ મારગની રે રીત. ત્રીસલાના
ગાંડો ઘેલો તારોરે શેવક વાલા માની ને જી
તારો તારો ભવ સાગરની રે તીર. ત્રીસલાના
ટળવળતો તારો વાલોરે શેવક હાથ ઝાલીને જી
નહી તારો તો જાશે તમારી રે લાજ. ત્રીસલાના
તુંહી તુંહી સંમરૂ રે દુખીના બેલી આવજે જી
શરણું એક બુદ્ધીસાગરને છે તુજ. ત્રીસલાના

ગાયન ૩૬

મહેર કરો માહારાજા, નીજ સેવક ન વીસારોરે. મહેર.
જે થકી પાસ આવું પ્રભુ તારીરે, બતાવો તેવો મારગ સીધારીરે
આપો શુભ મતિ સારીરે. મહેર

આપના ગુણુને મુકુ ના વીસારીરે, પ્રભુ કરૂંહું કર્મેજ ભારીરે.
દુ:ખથી લ્યો મને ઉગારી રે. મહેર.
હું અને આપ બે સાથેજ હતારે, આપે લીધી શીવનારીની સત્તારે.
કર્મ બંધથી ખાધા મેં ખત્તારે. મહેર.
કર્મ ફંદમેં હું બહું ફસીયો રે, તે ફંદ મારો પ્રભુજી સંહારોરે
સમદમ ભાવ વધારોરે. મહેર.
હવે સાહ્ય મારે વિભુ તમારીરે, મુજને પ્રભુ તેહથી લ્યો ઉગારીરે
પાર્શ્વ મંડલ દુખ ભારીરે. મહેર.

ગાયન ૩૭

જીવડા માં કર તું વ્યભીચારને
લપટ ઝપટથી પકડે પીસાચા, નાખી દે નર્ક ખાડમે રે. જી.
ધન ધાતને ચિત્ત ચતુરાઇ ચુસીલે, મુકય વ્યભીચાર ગમાર રે જી.
લાહચું શું થયો વ્યભીચારમાં રે.
લેશે ગપાટા ગાતા તુનેરે, કોઇ ન લે તેરી સંભાર રે જી. માં.
કંઇક ગયાને હજી જવાનાં રે.
જશે થશે બે હાલ ઘડીકમાં, તજ ભલા તું ભમર ભમેરે જી માં.
કામ નામ રહ્યું વળગ્યો વ્યભીચારે રે.
પછી મધ લેતા જ્યમ વાઘરી, મધમાંખી પસ્તાય રે જી મા.
ઉજળે મુખે પછી બોલી ન શકાયો રે.
વ્યભીચારનો વિશ્વમાં મણે. તરણા તુલ્ય તોલ રે જી માં.
લાજ ઘટે ને શત્રુતા શીર થાય. જીવ કહાપી જાય રે જી માં.
નામ ખુડાડે બાપનું કુળમાં રે.
ટળે ન કદીએ ટાળતાં એ, લાંછનનો કાળો ડાઘરે જી મા.

કાંડુ કપાયું ફરી ન સાજુ થાય રે
ઘસતા ઘસતા રૂધીર કાઢયું, ડાઘ ચોટયો કેમ જાયરે જી. માં.

ગાયન ૩૮

જાયછે જાયછે જાયછેરે આ જુવાની ચાલી જાય છે.
પાણીનો રેલો જલધિ ભરતી, આયુષ્ય ઘટતું થાયછે રે. આ.
આકાશે મેઘ માલા મધ્યે, જેવી વીજલી ચમકાયછેરે આ.
મનમાં જાણે થઉંછું મોટો, મુરખ મન મકલાયછેરે. આ.
રમણીક રામા તન ધન દેખી, મમતાથી શું મુઝાયછેરે આ.
મનમાં જાણે મારા સરખો, જગમાં કોણ જણાયછેરે. આ.
સટપટ લટપટ ઝટપટ કરતો. જમના પાસ પકડાયછેરે આ.
શું લઇ આવ્યો શું લઈ જાઇશ, ફોગટ મન ફુલાયછેરે આ.
સદ્દગુરૂ દેવને ધર્મ ભજી લે, બુદ્ધી મન હરખાયછેરે. આ.

ગાયન. ૩૯

અજબ તમાસો દુનીયાકે બીચમે, કયા કહું મુજ સખી શાણીરે
ગાય બીયાણી આસમાનમાં, દુધ લીયું જોગી તાણીરે. અજબ.
અંધાજન છાશે ભરમાયા, છાસકું દુધ જમાનીરે,
આપ આપકી ખેંચા ખેંચે, વઢતાં કદા ગ્રહ આણીરે. અજબ.
સવળાને અવળું કરી માને, આપો આપ બખાનેરે,
અવળાને સવળું કરી દેખે, ઓર મીઠું પોતાનું માનેરે. અજબ.
કર્તા ન હર્તા કર્તા હર્તા, ઇશ્વરમાં આરોપેરે.
સત્ય તત્વ સ્યાદ્વાદ નયન બિન, સત્ય ધર્મને લોપેરે. અજબ.
ત્રીભુવન જ્ઞાતા મુજ ત્રાતા, જીનેશ્વર જે બોધેરે,
સત્ય તત્વ શાશ્વત પદ દાયક, બુદ્ધિસાગર શોધેરે. અજબ.

ગાયન ૪૦

અહો દૈવની ગતિ ન્યારી સહુ પ્રાણી ને થઇ ભારી

ઘડીમાં કરે પલકમાં હરે દીવો વાયુથી જુવો જ્યું ૫રે. અહો.
જેના નાદથી સહુ નાસે જેની જ્યોતથી સહુ ભાસે
અવસ્થા એક તેના ધરે ગતિ દૈવની ગમે તે કરે. અહો.
જેના શૌર્યથી સહુ બીના જેના રૂપમાં સહુ લીના,
ભુલ્યા ભુલથી ભલી બાજી ગતિ દૈવની રહી ગાજી. અહો.
જેની હાકથી સહુ બ્હીતા ભણ્યા ભાવથી વળી ગીતા,
જેવી કર્મની ગતિ તેવા રૂવે કેમરે જમે મેવા. અહો.
અવસ્થા સદા વિચીત્રિ સહુ જુઓ રામની કથા શું કહું,
જુઓ કૈરવો બહુ ફુલ્યા પ્યારી પ્રાણધન સહુ ડુલ્યા. અહો.
પલકમાં તાપ પલકમાં છાય અવસ્થાએક કદી ના જાય,
ધરી માનશું ભૂલે ભાન ચેતો ચીતમાં ધરી સાન. અહો.
સજી સાધનો ધરો ધ્યાન ગુરૂદેવનું કરો ગાન,
અવસ્થા એક ન જાનારી બુદ્ધીસાગરે કહ્યું ધારી અહો.

ગાયન ૪૧

અવળો શું ચાલેરે, ચેતન ચાલ શિવ વાટે,
તત્વ સ્વરૂપ હિત માટેરે. અવળો.
માયાના પાશમાં નિશદીન ઝુલ્યો, ભણી ભણુતરને શું ભૂલ્યો,
માયાના ફંદમાંરે ફોગટ ફુલ્યો, ડહાપણના દરિયે તું શું ડુલ્યોરે. અ.
અલખ સ્વરૂપી આતમરાયા, નિર્ભય દેશ સુહાયા,
બુદ્ધિસાગર ધ્યાન ધર્યાથી, અનુભવ આનંદ પાયારે. અવળો.

ગાયન ૪૨

જોઇ જોઇ મેં જગકી બાજી ભાન ભુલી ત્યાં થઈ શું રાજી. જોઇ.
સૌ જણુ સ્વારથ સગપણુ સાધે સત્ય સ્વરૂપ વીરલા આરાધે. જોઇ.
જોગી જતિ પણુ સ્વારથ માટે આશધરી ફરે વાટે ઘાટે. જોઇ.

કોઈકદાસ દીવાન કહાવે માત પિતા ભાઈ લલના થાવે. જોઈ.
આખરખાલી હાથે જાવું તો ફોગટ મન કયું મકલાવું. જોઈ.
ચડતી પડતી સહુની ચાલે મુછો મરડી શું તું મ્હાલે. જોઈ.
સત્ય સ્વરૂપ પરમાતમ મારૂં એ સબ પુદગલ મુજથી ન્યારૂ. જોઈ.
હાય હાય અરે હાર્યો બાજી ગર્વે ગાંડો ફુલ્યો ગાંજી. જોઈ.
કરવું શું ને કરૂં શું ખોટું ધર્મ કર્મ નવી માનું મોટું. જોઈ.
ભણતર ભણીને કંઈક ભુલ્યા કંઈક ડહાપણ દરિયામાં ડુલ્યા. જોઈ.
જાણ્યું તેનું જગમાં સાચું કહેણી તેવી રહેણી રાચું. જોઈ.
બહું બોલે તે બાંઠા જાણો બુદ્ધી શાશ્વત પદ મનમાં આણો. જોઈ.

ગાયન ૪૩

પશુ પરે પાસમાં તે પકડાણા જુવતીની જાલમાં જે જકડાણા. પશુ.
મોહ્યા જે જન મુખને મટકે લલચાણા વલી લોચન લટકે. પશુ.
ભ્રકુટીના ભાવે ભમ્યા જે ભમતા નર તેને કિંકર થૈ રહે નમતા પશુ.
જે પુરૂષે કુચ કુંભ બે જોયા રસીકો થઈ તેઉ પોતે રોયા. પશુ.
ચંચલ નારી ચાલે જે ચાલ્યા ઘેરી તેઉને તો ધુલમાં ઘાલ્યા. પશુ.
તનુ અને મન ધન બગડયાં તેનાં જુવતિને વશ ગયાં જગમાં જેનાં પશુ.
મહાજન રાજન સાજન મોટાં છબીલીના વશ થઈ ગયાં છોટા. પશુ
જગતમાં નારીના વશ નહીં જેતો ત્રીભુવનનો પતિપાવન તેતો. પશુ
નજે વિષયો જે સદા નરનારી અમૃત સુખના તેતો અધિકારી. પશુ.

ગાયન ૪૪.

કયાંથી આવ્યો કયાં જાઇશ ભાઇ જોને તપાસી તારી સગાઈ; કયાં.
કાયા માયા કાચી કે સાચી, રંગમાં રાચી રહ્યો શું માચી. કયાં.
ફુલી ફોગટ શું ફાંફાં મારે, ફોગટ જન્મ ગુમાવીશું હારે, કયાં.
કંચન કામિની માંરા માની, નાહક મુઝે કયું નાદાની, કયાં.

મરણુ સમેતું ખાલી જાશે, ત્યારે મુરખ તું પસ્તાશે. ક્યાં.
ચાલ્યા સહુજન નિજ નિજ વાટે, ચેત ચતુર તું ચેતન માટે, ક્યાં.
મધુ બિંદુ સમસુખ સંસારે, નિદાન વલશે તેથી ક્યારે. ક્યાં.
મોહ માયા જગની છે મોટી, ક્ષણુમાં નાશી દુઃખદા ખોટી, ક્યાં.
લટપટ ઝટપટ ચટપટ ત્યાગી, આત્મ સ્વરૂપનો થાતું. રાગી, ક્યાં.
સત્ય શુદ્ધ પરમાત્મ સ્વરૂપ, બુદ્ધિસાગર સુખ ચીદ્રૂપ. ક્યાં.

ગાયન ૪૫

જાયા તે જરૂર જાવાના જગતમાં જાયા તે જરૂર જવાના;
જેવા હોય વંટોળીઆ વાના, જગતમાં.
હું હું કરીને દે છે હુંકારો, તે તન માને છે મારૂં.
દિપક જયોતીની પેરે બુઝાતાં, આવી રહે છે અંધારૂં, જગતમાં
મરણુ પછી જવું શરણુ કોણુને. તે હશે કેવે રૂપે;
જીવ સ્વરૂપ જીવતા ન જોવું, તે પડીયા ભવ કુપે, જગતમાં.

ગાયન ૪૬.

શ્રી વીર પ્રભુ ચરમ જીનેશ્વર વંદી વીનતી કીજીએ;
પ્રભુસમ થાવા આત્મીક અનુભવ રસનો પ્યાલો પીજીએ,
પ્રભુ તુમ મુજ વચ્ચે અંતર મોટું, તુજ ધ્યાન થકી લાગ્યું છોટું.
આત્મીક અનુભવી મને તે ખોટું, શ્રીવીર
સિદ્ધ શાશ્વત પદ સુખના રસીયા, અક્ષય સ્થિતી સિદ્ધ શિલા વસીયા
મુજ મન મંદીરથી નવી ખસીવા. શ્રી વીર.
પ્રભુ કર્મ સંગ દુરે ટાલી, આત્મિક રૂદ્ધીને અજુવાલી
વર્યા મુક્તિ વધુ ઝટ લટકાળી, શ્રી વીર.
જ્ઞાન દર્શન ચરણએ રત્ન ત્રયી, વ્યાપી સિધ્ધ વ્યક્તિ ગુણમયી,
મિથ્યાત્વ દશા સબ દુર ગઇ, શ્રી વીર.

મુખ વીર વીર એમ ઉચારૂં, પણ વીર ગુણ નવિ સંભારૂં.
કહો આતમને કેમ કરી તારૂં, શ્રી વીર.
હું ક્રોધી કપટીને દ્વેષી, મોહી રોગી ભોગી કલેસી,
હું ભવ અટવીમાં રહ્યા બેસી. શ્રી વીર.
નિરાગીથી કેમ રાગ કરૂં, જો રાગ દશા ઝટ પરિહરૂં,
તો ભવ જલધિ હું સેહેજે તરૂં. શ્રી વીર.
પ્રભુ ધ્યાન દશા જો ચિત્ત જાગે, તો તુમ મુજ અંતર ઝટ ભાગે,
ઇમ સેવક ગુણ ગાવે રાગે, શ્રી વીર.
ધ્યાતા જોધ્યેય સ્વરૂપ પાવે, તો ધ્યાન દશા લેખે થાવે,
બુધ્ધી સાગર એમ ગુણ ગાવે, શ્રી વીર.

ગાયન ૪૭.

નરરે નુગરાની સાથે નેડો ન કરીયેજી—એ રાગ.

ચેતીને ચાલ્ય જીવ જુઠી આ બાજી હેજી;
તેમાં લપટાઇ થા, નહી રાજી—આતમરામરે. ચેતી. ૧
અમૂલ્ય અવતાર માનવનો મળીયોજી;
ફોગટ ફંદમાં ફસાણો—આતમરામરે. ચેતી. ૨
માત ને તાત ત્રીયા ભગની ને બંધવા હેજી;
તેમાં તારૂ ન કોઇ જાણ્ય—આતમરામરે. ચેતી. ૩
આવ્યો તું એકલો ને જાવાનો એક છે હેજી;
પુન્ય પાપ સાથમાં હોશે—આતમરામરે. ચેતી. ૪
સગું સંબંધી સહુ છેટારે પડશે હેજી;
સ્વારથનું સગપણ સમજી—આતમરામરે. ચેતી. ૫
સંસાર પારાવાર દુઃખનો દરીયો હેજી;
સાહીબ નામથી તારી લે—આતમરામરે. ચેતી. ૬

નિશદીન રટતું પ્રભુના નામને હેજી;
સ્વર્ગસમ સુખડાં મળશે—આતમરામરે. ચેતી. ૭
અંતર આત્માને શોધી લે હંસલા હેજી,
ધર્મ સાધન ચિત્ત ધરજે—આતમરામરે. ચેતી. ૮
નીતિના પંથે નાવડું મલશે હેજી;
પામીશ પાર સંસારે—આતમરામરે. ચેતી. ૯
કહે છે પુરૂષોતમ પામર પ્રાણીયા હેજી;
શીખ શ્રવણ ચિત્ત ધરજે—આતમરામરે. ચેતી. ૧૦

ગાયન ૪૮.

જોઇને જોયું સગપણ દુનિયામાં કાચુ,
મોહમાયામાં શીદ રાચુરે, જોઇ.
અસખ્ય પરદેશી આતમ રાયા, જ્ઞાન દરશન ગુણધારી,
ચારીત્ર ગુણથી શોભેરે આતમ, તેહું પોતે સુખકારીરે, જોઇ.
કાયા પુદ્ગલ યોગ લેસ્યાથી ન્યારો, શકતી અનંતનો છું સ્વામી
બ્રહ્મમાં શંક શીવ વીષ્ણુવ છે આતમ, નામરહિત હું અનામીરે જોઇ
શબ્દ ભેદનો ઝગડો ચુકાવી, અર્થથી તત્વ મેં જાણ્યું,
છાશે ભરમાયા દુનિયામાં દર્શન, સાત નયોથી મેંતો જાણ્યુંરે જોઇ.
ધન્ય ગુરૂ જેણે ભેદ બતાવ્યો, અંતરની શકિત જણાવી
બુધ્ધિસાગર હવે ભુલુ ન ભવમાં, પામીને તક રૂડી આવીરે. જોઇ.

ગાયન ૪૯.

જાવું મેલીને માલ સાયબી, ઘડી બાંધ્ય પુન્ય પારજી.
છજા માળીયા રૂડા રંગેલા, સુના રહે મ્હેલ માળ.
માટીમાં રોળાશે માયા તારી, કાયા જાશે મસાણરે ઘડી.
જુવાની જોરમાં છકલાએ શું સાચો પ્રભુને માન.
જમપુરીમાં જાવું જલદી, આવ્યો કાળ ન જાયરે. ઘડી.

હીન થએ સૌ સગા સંબંધી, પાસ ન રહે માંયરે.
જનમારો આ જુગતી જોવો, બાંધ્યો દંડનો મારરે. ઘડી.
મનગમતી મેલ મોટી માયા, છોડને મ ટો છેલ.
રંકરાય મોટા મનવાળા, તેના ઘરે સૌ સરખારે. ઘડી.
રાવણ રાયે લંકા છોડી, પાંડવો ડુબાણા.
આયુષ્ય કોઈનું અમર નથી, પુછ પુરાણી પાંસરે. ઘડી.
કૌરવો વીણ મોતે મરીયા, રામ લક્ષમણ વનવાસી,
જમ પાસે જાવું ખરૂ છે, સમજી લો સુખવાસરે. ઘડી.

ગાયન ૫૭.

હે પ્રભુ હે પ્રભુ શું કહું, દીનાનાથ દયાલ;
હું તો દોષ અનંતનું, ભાજન છુ કરૂણાલ.
હે પ્રભુ હે પ્રભુ શું કહું, સાંભળ દીન દયાલ;
અનંત દુર્ગુણો તણું, ભાજન છું કરૂણાલ.
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સરવ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતાં, શું કહું પરમ સ્વરૂપ.
નથી આજ્ઞા ગુરૂ દેવની, અચલ કરી ઉરમાંહિ;
આપ તણો વીશ્વાસ દ્દઢ, ને પરમાદર નહિ.
જોગ નથી સત સંગનો, નથી સત સેવ્યા જોગ;
કેવલ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.
હું પામર શું કરી શકું, એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.
અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલીત ભાવ;
અંશન એકે સ્નેહનો, નમલે પરમ પ્રભાવ.
અચર રૂપ આસક્તી નહિ, નહી વિરહનો તાપ;

કથા અલભ તુજ પ્રેમની, નહી તેનો પરિતાપ.
ભક્તિ માર્ગ પ્રવેશ નહીં, નહીં ભજન દ્રઢ;
સમજ નહિ નીજ ધર્મની, નહિ સુભ દેશે સ્થાન.
કાલદોષ કલીથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોએ નહી વ્યાકુલતા, જુઓ પ્રભુ મુજ કર્મ.

ગાયન ૫૧.

સત્ય મીત્ર નવ છોડીએ, લક્ષ્મી ચોગણી હોય;
સુખ દુખ રેખા કર્મની, કર્મ કરે તે સોય.
કપટ ઝપટ તર છોડી ટકટક તજ ભજ ભલાતું વૈરાગી;
ખટપટ ઝટપટ છોડી, મને મને ધનથીસમર સમર મદન ત્યાગી.
ઠાઠ માઠ ઠાલો સહુ, દીપક ઝાક ઝમાલ;
તે પણ બુઝાઇ જશે, કોણે દીઠી કાલ.
પંખી ટોળું વૃક્ષપર, હલી મલ્યું છે હાલ;
પ્રાતમાં ઉડી જસે, કોણે દીઠી કાલ.
પુષ્પ સુંગધીથી બની, અનુપમ ફુલની માળ;
પણ તે તો કરમૈજસે, કોણે દીઠી કાલ.
જાયું તે તો જાય છે, સહુના એજ હવાલ;
માંન કહ્યુંરે માનવી, કોણે દીઠી કાલ.
સુકૃતના શા વાયદા, સુકૃત કરવું હાલ;
એક દીન એવો આવશે, કોણુ દીઠી કાલ.
ચાર ચોર ચોરી કરે, આઠ તેરનુ સાલ;
લુંટારા લુંટી જશે, કોણુ દીઠી કાલ.
બકરી પેઠે જે પ્રજા, હણે મોહથી રાય;
એક વાર તૃત્પી બને, બીજીવાર નવ થાય.

જલમાં જીવતાં જન તણું, જો આલંબન થાય;
નદી કાંઠે ઉગ્યુ ભલું, તે પણ તૃણ પંકાય.
પંખી પેઠે સુ કોતરૂ, તજી સેવક જન જાય
કુલીન ભક્ત સત્સે વકો, પામે માન સદાય;

ગાયન ૫૨.

ગગન તખ્તપર ઝગમગ જાગી, જ્યોત જરૂર જયકારીરે; હેજી.
ઝરમર ઝરમર મે હુલા વરસે, ચમકી વીજળી સારીરે. હેજી.
સંતો મારો અલખ જોગીશ્વર જાપ જપે જ્યાં સોડહં સમોવડ ભારી હેજી.
જુગો જુગકી ધૂન લગાઇ આશન આશા મારીરે; હેજી.
કર્મ લાકડાં સર્વ જલાકર, અલખ દસા અવ ધારીરે. હેજી. સં
અંતર આતમ પરમાતમકી, ભાંગ ઘૂંટ કર પ્યારીરે; હેજી.
મન પ્યાલા મેં ભરકર પીતાં, ઘટમાં ચઢી ખુમારીરે. હેજી સં
સબસે ન્યારા સબ હમમાંહિ, માયા હમસેં ન્યારીરે; હેજી.
દુનીયાદારી દુખ કરનારી, ત્યાગી સબકી યારીરે. હેજી સં
ધ્યાન ગુફામેં નિશદીન રહેણા, કોઇકું કાંઇન કહેણારે; હેજી.
અનુભવ અમૃત ક્ષણ ક્ષણ પીના, કાંઇન લેના દેનારે. હેજી સં
નિર્ભય દેશે આવો મારા સંતો, આનંદકી તૈયારીરે; હેજી.
બુદ્ધી સાગર સંતો ખેલો, ધ્યાન દશા ગ્રહી સારીરે. હેજી સંતો

ગાયન ૫.

ભીક્ષુક હોકર કરી ભવાઇરે, ઠેર ઠેર આશા કીધ સગાઇ;
ભટકત ભટકત ભૂલો પડીયો, ઠામ સ્થિર નહીં ઠરીયો.
રાજા પોતે ભિક્ષુક ભમણા, બુદ્ધિ દુઃખનો દરીયો; ભીક્ષુ.
માગે તેને કદી ન મળશે, મળશે તો નવી રહેશે.
આપ આપકા ખોજે ઘટમાં, આનન્દ અનહદ લેશે; ભીક્ષુ.

ધ્યાન સમાધિ ઘટમેં લાગે, ક્ષુધા પીપા સા ભાગે.
રંગાએ તે કદીન રાગે, શ્વાસો શ્વાસે જાગે; ભીક્ષુ.
આશા તૃષ્ણા જોર હઠાવી, ચિત્ત નિજ પદમાં રાખે.
બુદ્ધીશાગર ભિક્ષુક સચ્ચા, અનુભવ અમ્રત ચાખે; ભીક્ષુ.

ગાયન ૫૪.

અબધૂ રામ રામ જગ ગાવે વિરલા અલખ લખાવે; અબ.
મતવાલા તો મતમેં માતા, મઠવાલા મઠરાતા.
જટા જટાધર પટા પટાધર, છતા છતા ધરતાતા; અબ.
આગમ પઢી આગમ ધર થાકે, માયા ધારી છાકે.
દુનીયાદાર દુનીસે લાગી, દાસા સબ આશાકે; અબ.
બહિરાતમ મૂઢા જગ જોતા, માયા કે ફંદ રહેતા.
ઘટ અંતર પરમાતમ ભાવે, દુર્લભ પ્રાણી તેતા; અબ.
ખગ પદ ગગન મીન પદ જલમાં જો ખોજે સો બોરા
ચિત પંકજ ખોજે સો ચિન્હે, રમતા આનંદ ભોરા. અબ.

ગાયન ૫૫.

કહેજો પંડિત તે કોણ નારી, વીસ વરસની અવધ વિચારી;
દોય પીતાએ તેહની પાઇ, સંઘ ચતુર્વિધ મનમાં આઇ. ક.
કીડીએ એક હાથી જાયો, હાથી સામે સસલો ધાયો; ક.
વિણુ દીવે અજવાળું થાય, કીડીના દરમાં હાથી જાય. ક.
વરસે આગને પાણી દીપે, કાયર સુભટના મદ જીપે; ક.
તે બેટીયે બાપની પાયો, તેણે તાસજ માઇ જાયો. ક.
મેહ વરસંતાં બહુરજ ઉડે, લોહ તરેને તરણું બુડે; ક.
તેલ ફિરેને ઘાણી પીલાય, ઘંટી દાણે કરીને દલાય. ક.
પંક જરેને સરોવર જામે, ભમે માણુસ તીહાં ઘણા વિસામે; ક.

બીજ ફ્લેને શાખા ઉગે, સરોવર આગળ સમુદ્રન પુગે. ક.
પ્રવહણુ ઉપર સાગર ચાલે, હરણુ તળે બળે ડુંગર હાલે; ક.
એહનો અર્થ વિચારી કહેજો, નહિતર ગર્વ કોઇ મત કરજો. ક.
શ્રી નય વીજ્ય વિબુધનો શિષ્ય, કહી હરીયાલી મનજ ગીશ. ક.
એહ હરીયાલી જે નર કહેશે, જસ વિજય કહે તે સુખ લેશે. ક.

ગાયન ૫૬.

કોઇક વિરલા પાવે હો જગમેં અધ્યાતમ રસ પાવે;
કોઈક ગાવે કોઈક ધ્યાવે, વીરલા કોઇ પચાવે હો. જગ.
સિંહણુ કેરૂં દુગ્ધ પાત્ર, સોનાનામાં ઠરસે
ખાય બીલાડી ખીરનું ભોજન, વમન તેવારે કરશે હો. જગ.
વિષ્ટા કેરૂ ભોજન રાસભ, પેટ ભરીને ચરશે;
સાકર સ્વાદે તે શું સમજે, પ્રાણ પલકમાં હરસે હો. જગ.
મોતી કેરો ચારો દેખી, કાગ ચાંચન વિધરશે;
ચકવર્તિની ખીરજ ખાતાં, નિર્ધન ગમન ઠર સેહો. જગ.
પાત્રતામાં અધ્યાત મરસ, ઠામ ધરીને ઠરસે;
બુદ્ધી સાગર આતમ ધ્યાને, વંછીત સઘળાં સરશે હો. જગ.

ગાયન ૫૭.

નગુરાનો સંગ ન કીનેરે સંગતથી ગુણ જાય; નગુરા.
કોળાની સંગત થકીરે વાસ કણીકનો જાય.
ગંગાજલ જલધિ મળ્યુંરે, તુરત ગુણ પલટાય; ન.
સડેલ પાનના સંગથીરે, શુભપાન વિણશાય.
કાગ સંગથી હંસલોરે, મૃત્યું અવસ્થા પાય; ન.
સંગ જેવી પ્રાણીનેરે, તેવો તે થઇ જાય.
વૈશ્યાની સંગત થકીરે, વિષયે મન લલચાય; ન.

સત્ય તત્વ સમજે નહીંરે, સત્ય માર્ગ અજ્ઞાન.
આપ મતિએ ચાલ્ય તારે, બુદ્ધી હિન નાદાન; ન.
સંગત તેની વારીએરે, કરીએ સદગુરૂ સંગ.
શાસ્ત્રોથી પણ સંગતોરે, ચોલ મજીઠ સમ રંગ; ન.
પ્રેમ સંગતિ પાર ખીરે, કરીએ મન વીશ્વાસ.
બુદ્ધીસાગર ટેકથી રે, રહીએ સદ્દગુરૂ પાસ; ન.

ગાયન ૫૮.

જ્ઞાન કહો કેમ થાય, મુરખને જ્ઞાન કહો કેમ થાય કોટી કરો ઉપાય મુ.
બાર મેઘ જો સાથે ચડીને, વરશે મુશલધાર.
મગશે લીયો પાષાણ ન ભજે, જળ મધ્યે નીરધાર. મુ.
શ્વાન પૂછડી વાંકી ટાલી, સિદ્ધિ નહીં કરાય;
ગંગાજલમાં ન્હાય કાગડો, કાગ પણું નવી જાય. મુ.
સાબુઓ ચોરીને કોયલા, ધુવે જેલમાં કોય;
પણ રંગ બે રંગ ન હુવે, ગર્દવ ગાયન હોય, મુ.
દારૂ ઘટમાં દુધ ભરો પણ, મટે ન દારૂ વાસ;
ઝાંઝવાના જલ થકી કદી, મટે ન જલની પ્યાસ. મુ.
માથા કુટ મુરખની આગળ, રણમાંહી મુકી પોક;
અંધા આગળ આરસી જેમ, જાવે વાણી ફોક. મુ.
ભાગવત ભેંસની આગલેરે, ગાંડા આગલ ગાન;
કપિ ન કરશે રત્ન પારખું, એ યુકિત દીલજાન. મુ.
મુરખ આગળ બોધ કરે તે, ભારે ખતા ખાય;
સુગરી વાનરને ઉપદેશે, માળો નીજ વીખરાય. મુ.
બાળક સમજે દુધ પાનમાં, જાણે શું તે વેદ;
અંધારા અજવાળા વધ, શો અંચ્ય કેને ભેદ. મુ.

ગયા ગામડીયા રાજ સભામાં, દીલી નગર મોઝાર;
ગાયન કરતા ગાય કને તો, દીધા ડામ ગમાર. મુ.
ગુણી ન્યાયી જાણીનેરે, દેજો ભાઇ બોધ,
મુઢ કદાગહી બોધતાંરે, ઉલટો વાધે ક્રોધ. મુ.
યોગ્યતા લોહચુંબકેરે, સમજણ સુચિ ગ્રહાય,
બુદ્ધીસાગર યોગ્યતારે, કોઇક વીરલા પામ. મુ.

ગાયન ૫૯

અરે ફુલી ફોગટ શું ફરનારારે અણધારે દીવસ મરનારા
જોને ઠાઠડીમાં કંઇ ઠરાણારે ઘણા મરેલ ઘોરમાં ઘલાણા.
વૈદને સૈદ રોગીને ભોગી રંક ભલે હોય મહારાણા.
પોક પડી તેના નામની મોટી તેનાં મડદાં બળે છે મસાણારે અ.
માટીની કાયા માટીમાં મળશે કરો ઉપાય હજારા
સુર દાનવ જન કોડી મલે પણ નહી કોઈ ઉગરનારારે અ.
લાખોની રાખો થઇછે મસાણે જે કદી નહીં ડરનારા
માન માયામાં મ્હાલે શું માનવ જલ પરપોટા થનારારે અ.
અન્તર જોને તારૂં તપાસી ત્યાગીને વીષય વીકારા
સાણંદ પાર્શ્વ પ્રભુ જિન મંડળ બુદ્ધીસાગર સુખકારારે અ.

ગાયન ૬૦

કાયા માયા જુઠી કેવી ઝાંઝવાના નીર જેવી
તેને તુચ્છ કરી દેવીરે. મુરખ. ૫.
આઉખું જાવે છે ખુટી કરેશું તું માથા કુટી
ખુટી તેની નહી બુટીરે. મુ. ૫.
પાણી માંહી પરપોટા ખેલ સહુ એમ ખોટા
માન નહીં એમ મોટારે. મુ ૫.

કુટુંબ કબીલો સારો માન નહી મન મારો
એક દીન થશે ન્યારોરે. મુ. ૪.
આંખે જે જે દેખે સારૂં તેતો બાઇ નહી તારૂં
માને કેમ મારૂં મારૂંરે. મુ. ૪.
ચેતી લેને જાય ચાલી કરી માથાકુટ ખાલી
માયામાં શીદ રહયો મહાલીરે. મુ. ૪.
કાયા માયા થીરે ન્યારો અરૂપી અલખ ધારો
બુદ્ધી સાગર મન પ્યારોરે. મુ. ૪.
ફુલ્યો શું ફરે ફુલીરે મુરખ પ્રાણી

ગાયન ૬૧.

ઓર નગરનો અવળો ન્યાય, રાજાને પીડે પરજારે,
બાળક દેખી બાવો બીનો, ગુરૂ કરે ચેલાની સેવારે,
હું શું જાણું બાઇ હોતું આવું, પૂજારીને પૂજે દેવારે, ઓર.
મહાવત ઉપર હાથી બેઠો, હાથી માવતને ખેડેરે,
હું શું જાણું બાઈ હોતું આવું દીકરો માને તેડેરે. ઓર.
ચાર જુગની ચોરી બનાવી, પરણ્યો દીકરોને માયરે,
હું શું જાણું બાઇ હોતું આવું, દોનારીને દુવે ગાયરે, ઓર.
આકાશ માર્ગે ઉંડો કુવો, જળે ભર્યો અતિ પૂરોરે,
ખરે બપોરે જુવો પીતાજી, દરિયો નાવમાં બુડયોરે. ઓર.
અગનીમાંથી મેઘજ વરશે, ગગને પહોંચ્યા પાણીરે,
દાસ મલુકચંદ યુંકર બોલે, ઉલટી ગવાઇએ વાણીરે. ઓર.

ગાયન ૬૨.

ચેતન અનુભવ રટના લાગી, અલખતોરી અંતમસેં રઢ લાગીરે હેજી.
કોઇ વીરલા તુજ ગુણુ રાગી, અલખ.

કાદવમેં ચીર ધોવે ધોબી, બીજ બોયા ઉખર બુ પ્રાણી.
વાણીઠા સહુ બેઠા જાયા, કર્યું જગત ધુલધાણી, અલખ.
ભુલ્યો જન જગકું ચેતાવે, વેસ્યા સહુકુ નાચ નચાવે.
ઉંધ્યાંજન રૂદ્ધિ બહુ પાવે, જાગ્યા શીશ કઠાવે, અલખ.
પંડિત પોપટ બહુ બહુ બોલે, ફણિધર સામો તાકી ડોલે.
પરઘર મુરખ રૂધ્ધી ખોળે, નારીકંત હીચોળે. અલખ.
અનુભવ વિરલા જોગી જાણે, મુરખ આપ મતિકું તાણે;
બુધીસાગર આતમ ગ્યાને, ઠરશો નિર્ભય સ્થાને. અલખ.

ગાયન ૬૩.

ચેતાવું ચેતન મારારે, આતો જુઠી માયા બાજી; ચેતાવુ
સુપનાની સુખલડી ખાતાં, ભૂખ જરા નવી ભાજી.
સાગર કેરૂ પાણી નિર્મલ, પીતાં લાગે ખારૂ;
તૃપાન ભાગે તૃષ્ણા જલથી વધતા ગાજે માર. ચેતાવુ.
ફોફાં મારે ફોગટ ફુલી, ભ્રમણા માંહિ ભૂલી;
કાચી કાયા માટી વાસણ, અન્ત ધુલકી ધુલી. ચેતાવુ.
ઝાંઝવાના જલને દેખી, મૃગલાં પીવા દોડે;
સિંહ ગુફામાં મેઘ ગાજથી, ફોગટ માંથુ ફોડે. ચેતાવુ.
રંક ચલીયા રાજા ચાલ્યા, ચાલન હારા ચાલે;
મૃત્યુ બાજનો ભય છે માથે, ફોગટ શું તું મ્હાલે. ચેતાવુ.
આરે કાયામાં આત મહીરો, જ્ઞાન સુખનો દરીયો;
બુદ્ધી સાગર પામંતાં તે, ભવસાગર ઝટ તરીયો. ચેતાવુ.

ગાયન ૬૪.

જુઓ ઝપાટો જુઓ ઝપાટો, કાળનો વિકરાળરે;
જગત જીવને પાસ પકડી, કરતો નિત્ય ફરાળરે. જુઓ.

રાજા રંક રૂબાદશા હને, માલીકને મહિરાણુરે;
ગોદી ધાણ્યા ઘોર માંહી, ચાણ્યા કોઇ મસાણુરે. જુઓ.
ચોરી જારી ચુગલીમાં, કાઢે દીનને રાતરે;
તેનાં શરીર મળી ગયાં માટી માંહિ, કોઈ ન પુછે વાતરે. જુ.
રાતન ગણુસે દીનન ગણુસે, વૈધૃતને વ્યતિ પાતરે;
જોતાં ટગમગ ચાલવું જીવ, માત પીતાને ભ્રાતરે. જુ.
ચાલ્યા અનંતા ચાલ શેજગ, વૃદ્ધ યુવા નર નારરે;
બુદ્ધિ સાગર ચલત પંથે, ધર્મ તણો આધારરે. જુ.

ગાયન ૬૫.

અવઘાટ ધાટ ઓળંગી હમને, બ્રહ્મ ગુફામેં વાસ કીયા;
માયા મમતા સબ પરહર કે, દેશ હમારાજી તલીયા. અ.
ત્રિવેણીના તીરેનાઇ, પાપ પંક સબ ડાર દીયા;
ભેદીષટ ચક્રોકા મારગ, ધર્મ રત્ન ઉપાય લીયા. અ.
મેરા મારગ ન્યારા સબસે, પણુ શિવ મારગ નહી ન્યારા;
વિતરાગકા બચન પ્રમાણે, સમજે તો જગકું પ્યારા. અ.
સચ્ચા હમ કહતે હે છાના, સમજે જ્ઞાની મસ્તાના;
મસ્તાનાકા મારગ મુક્તિ, શું જાણે તે દીવાના. અ.
તીર્થં કરકી બાણીદોરી, પકડ ચઢો મુક્તિ મીલે;
મારગ સચ્ચા સાહિબ સચ્ચા, વિશ્વાસા તું ધર દીલે. અ.
સત્ય સુનાયા જે હમ પાયા, ગુરૂ ગમતા લેજો પ્રાણી
સમક્તિ સદગુરૂ પ્રતાપે, બાત રહે નહિ કો છાની. અ.
ધન ધન જગમાં એવા સંતો, સંગત તેની બહુ સારી;
બુદ્ધિસાગર ચઢતે ભાવે, હું જાઉં તાસ બલીહારી. અ.

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપી મદદ કરનારા સદ્ગૃહસ્થોનાં નામોનું લીષ્ટ.

સાણંદ.

૫૧ મહેતા. ચુનીલાલ કાળીદાસભાઇ	૧ શા મફતલાલ દીપચંદ
૧૧ શાહ. મણીલાલ ગોવીંદજી	૧ ગાંધી ડોસનજી કાલીદાસ
૧૦ દોશી. ભાયચંદ ચુનીલાલ	૧ શાં ઉજમશી દીપચંદ
૨ મેતા મંગલદાસ બાલચંદ	૧ શા. સુખલાલ છગનલાલ
૨ મેતા ખુશાભાઈ ભુરાભાઇ	૧ શા. ગલાબચંદ ત્રીકમલાલ
૨ શા. શકરચંદ બાપુભાઇ	૧ મેતા. જીવરાજ રંજપાલભાઈ
૨ મેહેતા. મંગલદાસ મગનલાલ	૧ શા. સકરચંદ કચરાભાઈ
૨ મેહેતા. મણીલાલ નથુભાઈ	૧ શા. છોટાલાલ હેમચંદ
૧ શેઠ દેવકરણ વાહલજી	૧ શા. લાડકચંદ છગનલાલ
૧ મેહેતા જયચંદ માનચંદ	૧ મોહનલાલ હરજીવનદાસ વકીલ
૧ શા ખોડીદાસ ચુનીલાલ	૧ મેતા. મંગલદાસ વખતચંદ
૧ મેતા રતીલાલ ભીકાભાઇ	૧ શા. ચુનીલાલ જોઇતાભાઇ
૧ મેતા ગફુલભાઇ નરસીભાઇ	૧ શા. જેઠાલાલ લવજીભાઈ
૧ શા મણીલાલ સુખલાલ	૧ મેતા. સકરચંદ અમીચંદ
૧ મેતા મફતલાલ કાલુભાઇ	૨ મેતા. વાડીલાલ કાલીદાસ
૧ શા કરમચંદ મોહનલાલ	૧ મેતા. તલકચંદ ધનજીભાઇ
૧ શા માણેકચંદ નાથાલાલ	૧૦ મેતા. કચરાભાઈ પીતાંબરદાસ
૧ શા શકરચંદ કાલીદાસ	૧૦ મેતા. ચુનીલાલ મલુકચંદ
૧ શા મણીલાલ મોહનલાલ	૫ મેતા. સંગજીભાઇ મકનદાસ
૧ શા માણેકચંદ તેજપાલ	૧ શા. જીવરાજ મુલચંદ ગોરજ
	૩ મેતા. ભુરાભાઇ જેઠાભાઈ

૧ મેતા. મોહકમભાઇ ડાહ્યાભાઈ
૧ મેતા. મુળચંદ મકન
૧ શા. મગનલાલ કાલીદાસ
૧ શા. માણેકચંદ પ્રેમચંદ
૧ મેતા. સકરચંદ પોપટભાઇ
૧ મેતા. મણીલાલ વેલસીભાઇ
૧ સંઘવી. લખમીચંદ વેલસી
૧ ગાંધી ધરમસી રાઘવજી
૧ શા. પ્રેમચંદ ડોશાભાઇ
૧ શા. મફતલાલ બાપુભાઈ
૧ મેતા. પરસોતમ રાવજીભાઇ
૧ મેતા. અભેચંદ પોપટભાઇ
૧ મેતા. મંગલદાસ જેઠાભાઇ
૨ મેતા. ઓઘાભાઇ જીવણલાલ
૨ મેતા. મોહનલાલ કેશવજી
૨ મેતા. રતનચંદ લલુભાઇ

પીંપળુ

૧ મોદી. જીવણલાલ જેચંદ
૧ પટેલ. બબલ કેશવલાલ

અમદાવાદ

૨૫ શેઠજી સાહેબ લલુભાઇ રાયજીભાઇ
૧૦ શા. છગનલાલ લખમીચંદ
૧ શા. નાથાલાલ લખમીચંદ

ગોધાવી

૧ શા. સુંદરભાઇ જીવનદાસ
૧ શા. વાડીલાલ આસારામ

વનાળા

૧ સંઘવી. પુરૂષોત્તમ વીરચંદ
૧ મણીલાલ જમનાદાસ.

ઝીંઝુવાડા

૧ વોરા. ગણેશ વખતચંદ

બોલ

૫ શા. ડોસાભાઇ ઠાકરશી

મુ. દેદાદરૂ

૨ શા. ખોડીદાસ મગલભાઇ

મુંબઇ

૨૫ શેઠજી સાહેબ. વીરચંદ દીપચંદ
ભાઇ સી. આઇ. ઇ.

વીરમગામ

૧૦ શા. અમીચંદ હરજીની મારફત
૨ શા. ખેમચંદ મોતીચંદ
૧ શા. નાથાલાલ ચતુર
૨ ભાવસાર. મુલચંદ કેવલદાસ
૧ શા. કસ્તુરચંદ વીરચંદ
૧ શા. વેલસીભાઇ છગનલાલ
૧ સંઘવી. નારણદાસ મકનદાસ
૧ શા. મફતલાલ ઠાકરસી

૧ શા. મગનલાલ ચાપસીભાઇ

૧ શા. વીરપાળ રતનસીભાઈ

બહરખા

૧ શા. ભીખાભાઇ ધરમચંદ

એંદ્રોઠા

૧ શા. નાથાલાલ ઘેહેલાભાઇ

૧ શા. બલાખીદાસ ગુલાબચંદ

૧ શા. મોહનલાલ ત્રીકમભાઈ

મીયાંગામ કરજણવાલા

૨૫ શા. મગનલાલ કરસનદાસ

પાદરા

૧૦ રા. રા. વકીલ સાહેબ. મોહનલાલ હીમચંદભાઇ

રાધનપુર

૧૦ શ્રી જૈન નૃત્ય ગાયન મંડળીના મેનેજર ભણસાલી હરજીવનદાસ ડાયાભાઇ મારફત

આ બુક છપાવવાની મુદત ગઇ દીવાલી પહેલાંની હતી પણ ગઇ સાલ દીવાલી પહેલાં પ્લેગનો મહાભયંકર રેગ ફાટી નીકલેલો તેથી ગામ ખાલી થઈ ગયું હતું ત્યાર બાદ કેટલાક કારણોથી પુસ્તક છપાવવાનું કામ મોડું થયું છે માટે તસ્દી માફ કરશો સંવત ૧૯૫૪ ના આસો સુદ ૫ ને બુધવાર

લે. મણીલાલ ગોવીંદજી સાહ. સાણંદ

તથા દોસી ભાઇચંદ ચુનીલાલ